મેઘરજ બસ મથકમાં માથા ફરેલો યુવક સરકારી બસ ઉઠાવી ભાગ્યો

બાઈક ચાલકને હડફેટમાં લેતાં સનસનાટી, બસ હાઈજેક કરાતાં પોલીસ પાછળ દોડી

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૧૬ અરવલ્લીના મેઘરજ એસ.ટી. મથકમાં ગત રોજ સવારે પ્લેટફોર્મ ઉપર ઉભી એસ.ટી. બસ ઉઠાવી યુવકે ઉન્ડવા માર્ગે દોડાવી મૂકતાં બસ હાઈજેક થયાના બનાવથી સનસનાટી મચી હતી. યુવકે સરકારી એસ.ટી. બસને બેફામ રીતે હંકારી રસ્તામાં બાઈક ચાલકને હડફેટમાં લેતાં રાહદારીઓ તેમજ અન્ય વાહન ચાલકોના જીવ પડીકે બંધાયા હતા. બસ મથકમાંથી બસની ઉઠાંતરી થતાં સ્થાનિક પોલીસે સરકારી વાહન સાથે ફિલ્મી ઢબે બસનો પીછો કરી યુવકની અટકાયત કરી છે. જાણવા મળ્યા મુજબ યુવક અસ્થિર મગજનો હોવાનું પ્રાથમિક તપાસમાં બહાર આવ્યું છે.

સલામત સવારી, એસ.ટી. અમારી..નું સૂત્ર વધતા જતા અકસ્માતોથી હાસ્યાસ્પદ બન્યું છે. જિલ્લામાં અત્યાર સુધી વાહન ચોરીના બનાવોને પોલીસ ગંભીરતાથી લેતી ન હતી પરંતુ હવે સરકારી ગણાતા વાહનો અસલામત બની ગયાં છે. શુક્રવારે સવારે મોડાસા એસ.ટી. ડેપોની ઢેકવા એસ.ટી. બસ મેઘરજ બસ

મથકમાં આવીને ઉભી હતી જેમાં ડ્રાઈવર બસ થોભાવી શૌચક્રીયા માટે ગયા જે દરમ્યાન એસ.ટી. બસના કંડક્ટર પણ બસમાંથી નીચે ઉતર્યા હતા તે સમયે મેઘરજ તાલુકાના વાંક ગામનો રાજુ નિનામા ડ્રાઈવર સીટમાં ગોઠવાઈ ગયો હતો અને બંધ એસ.ટી. બસને સેલ લગાવી ચાલુ કર્યા પછી એસ.ટી. કંટ્રોલર કંઈપણ સમજે તે અગાઉ એસ.ટી. બસને ઉન્ડવા તરફના માર્ગે રમરમાટ દોડાવી મૂકતાં એસ.ટી. ડેપોમાં ઉત્તેજના સભર દ્રશ્યો સર્જાયા હતા. એસ.ટી. બસમાં એકપણ મુસાફર ન હતું પરંતુ યુવકે અન્ય લોકોનો જીવ જોખમમાં મૂકાય તે રીતે બસ દોડાવતાં તાત્કાલિક પોલીસને જાણ કરવામાં આવી હતી. એસ.ટી. મથકમાંથી યુવકે બસ ઉઠાવી હોવાની જાણ થતાં એસ.ટી.ના ઉચ્ચ અધિકારીઓના જીવ એક તબક્કે પડીકે બંધાયા હતા પરંતુ પોલીસે સમયસૂચકતા વાપરી એસ.ટી. બસનો પીછો કરી યુવકની અટકાયત કરી તપાસ શરૂ કરી છે. પૂરપાટ ઝડપે એસ.ટી. બસ હંકારતાં ઉન્ડવા માર્ગે માથા ફરેલા યુવકે બાઈક ચાલકને હડફેટમાં લેતાં ઈજા થયાના અહેવાલ છે. ઘટનાની જાણ થતાં મોડાસા એસ.ટી. ડેપો મેનેજર હર્ષદભાઈ પટેલ તેમજ એસ.ટી.ના અન્ય અધિકારીઓ તાબડતોબ મેઘરજ બસ મથકમાં પહોંચ્યા હતા જ્યાં એસ.ટી. બસ સહી સલામત મળી આવવાની સાથે અન્ય કોઈ જાનહાની થઈ ન હોવાથી હાશકારો અનુભવ્યો હતો. મેઘરજ પોલીસ દ્વારા એસ.ટી.બસ ઉઠાવી ફરાર થનાર યુવકની પૂછપરછ શરૂ કરવામાં આવી છે જેમાં સદર યુવાન માનસિક રીતે બિમાર હોવાનું જાણવા મળતાં તેની સામે કાયદાકીય પગલાં ભરવામાં ખુદ ખાખી વર્ધી ગોથે ચઢી છે.

યુવક અસ્થિર મગજનો..!!

બાયડ : મેઘરજ બસ મથકમાં પ્લેટફોર્મ પર થોભેલી એસ.ટી. બસ ઉઠાવી યુવક ફરાર થતાં આ બનાવે સનસનાટી મચાવી છે. પોલીસ દ્વારા પીછો કરી તાલુકાના વાંક ગામના રાજુ નિનામાની એસ.ટી. બસ સાથે અટકાયત કરવામાં આવી છે પરંતુ પ્રાથમિક તપાસમાં યુવક અસ્થિર મગજનો હોવાનું જણાઈ આવ્યું છે.

ઉચ્ચ પોલીસ અધિકારીઓના માર્ગદર્શન હેઠળ ગુનો નોંધાશે

બાયડ : મેઘરજ પોલીસ સૂત્રોનો સંપર્ક કરતાં બસ મથકમાંથી એસ.ટી. બસ ઉઠાવી ફરાર થઈ જવાની ગંભીર ઘટનામાં સંડોવાયેલો યુવક અસ્થિર મગજનો હોવાના કારણે તેની સામે કાયદેસરની ફરિયાદ નોંધવા મુદ્દે ઉચ્ચ પોલીસ અધિકારીઓના માર્ગદર્શન પછી જ ગુનો દાખલ કરવામાં આવશે તેમ જણાવ્યું હતું.

ઉચ્ચ અધિકારીઓના માર્ગદર્શન હેઠળ અસ્થિર મગજના યુવક સામે સરકારી વાહનની ઉઠાંતરી સબબ ફરિયાદ નોંધવાની તૈયારીઓ હાથ ધરવામાં આવી છે.

મેઢાસણ સ્ટેન્ડ ઉપર બેફામ દોડતાં વાહનો ઉપર રોક લગાવવા પોલીસે બેરલ ગોઠવ્યાં

વિદેશી દારૂની હેરાફેરી વધ્યાના અહેવાલ બાદ પોલીસ એક્શનમાં

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૧૬ મોડાસા તાલુકાના મેઢાસણ હાઈવે સ્ટેન્ડ થી સરડોઈ તરફ જતા રોડ ઉપર રાત્રે વિદેશી દારૂ ભરીને દોડતાં વાહનોની સંખ્યામાં ઉછાળો આવ્યો

હોવાના અહેવાલ તાજેતરમાં ગાંધીનગર સમાચારમાં પ્રસિદ્ધ થયા પછી મોડાસા ગ્રામ્ય પોલીસ એક્શનમાં આવી હોય તે રીતે વાહનો ઉપર રોક લગાવવા પોલીસે બેરલ ગોઠવ્યાં છે. દિવસે વાહનોની અવર જવરમાં ગતિમર્યાદા જળવાતી નથી તેમાંય છેલ્લા ઘણા સમયથી મેઢાસણ-સરડોઈ રોડ બુટલેગરો માટે સ્વર્ગ સમાન સાબિત થઈ રહ્યાના અહેવાલ બાદ બેરલની આડસ મૂકવામાં આવતાં દારૂની હેરાફેરીને સમર્થન મળ્યું છે.

હાઈવે માર્ગે ઉપર પોલીસનું સતત પેટ્રોલીંગ અને નાકાબંધીના કારણે વિદેશી દારૂ ભરીને પસાર થતાં વાહનો પોલીસના હાથે પકડાઈ જવાનો ડર બુટલેગરોને સતાવી રહ્યો છે જેના કારણે હવે ગામડાંના અંતરીયાળ રસ્તાઓ વિદેશી દારૂની હેરાફેરી માટે સલામત કોરીડોર બની ચૂક્યા છે. મોડાસા તાલુકાના મેઢાસણ-સરડોઈ રોડ ઉપર રાત્રિના સમયે અન્ય રાજ્યના પાર્સિંગવાળા વાહનોની ભેટી અવર જવર ઘણા સમયથી થઈ રહી છે જેમાં ચોક્કસ વાહનોમાં વિદેશી દારૂની હેરાફેરી થતી હોવાના અહેવાલોને સમર્થન મળ્યું હોય તેમ ૪ થી વધુ વાહનોમાંથી પોલીસે લાખો રૂપિયાનો વિદેશી દારૂ ઝડપી પાડ્યો છે. પાયલોટીંગ દ્વારા ખાનગી વાહનોમાં વિદેશી દારૂ ભરી વાહનો બેફામ રીતે દોડતાં હોવાના અહેવાલો પ્રસિદ્ધ થયા પછી મોડાસા ગ્રામ્ય પોલીસે મને ક મને વાહન ચેકીંગ માટે મન બનાવ્યું છે જેમાં મેઢાસણ હાઈવે સ્ટેન્ડ ઉપર પસાર થતા વાહનોની તલાશી માટે બેરલો તાબડતોબ ગોઠવી આડસ ઉભી કરતાં વિદેશી દારૂની હેરાફેરીમાં ઓટ આવશે કે કેમ તે તો સમય બતાવશે પરંતુ હાલ દિવસ-રાત ગતિમર્યાદા બહાર દોડતાં અન્ય વાહનો ઉપર આપોઆપ અંકુશ લાગ્યો છે.

એસ્ટીમ કારમાં રાત્રે પોલીસ કર્મીની અવર જવર

બાયડ : મોડાસા તાલુકાના મેઢાસણ-સરડોઈ રોડ ઉપર રાત્રિના સમયે વિદેશી દારૂ ભરીને વાહનો બેફામ દોડી રહ્યાં છે. પોલીસે દેખાડા ખાતર હાઈવે સ્ટેન્ડ ઉપર બેરલોની આડસ ઉભી કરી છે પરંતુ છેલ્લા કેટલાક સમયથી રાત્રિના સમયે વર્ધીમાં સજ્જ પોલીસ કર્મીની ખાનગી કારમાં અવર જવરે રહસ્ય ઉભું કર્યું છે. પોલીસ કર્મીની કાર આગળ અન્ય રાજ્યના વાહનો પસાર થતાં જોઈ સ્થાનિક લોકો પણ આશ્ચર્ય અનુભવી રહ્યા છે.

પ્રાંતિજના અમરાપુર દુધ મંડળીના સેક્રેટરી સામે ઉચાપતની બુમરાહ

પ્રાંતિજ તા.૧૬

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ના અમરાપુર ખાતે આવેલ દુધ મંડળી ના સેક્રેટરી સામે ભૂતિયા ખાતા ઉભા કરી ૪૦થી૪૫ લાખ ની ઉચાપત કરી હોવાના આક્ષેપો સાથે જિલ્લા રજીસ્ટાર ઓફિસ મા ફરીયાદ થઈ . પ્રાંતિજ ના અમરાપુર ખાતે આવેલ દુધ ઉત્પાદક મંડળી મા ફરજ બજાવતા સેક્રેટરી ઝાલા મહોબતસિંહ નાથુસિંહ દ્વારા પોતાની ફરજ દરમ્યાન પોતે દુધ મંડળી મા દુધ ના ભરાવતા હોય તેવા લોકો ના નામે બેંક મા ભૂતિયા ખાતા

ખોલી ૪૦થી૪૫ લાખ ની ઉચાપત કરી મંડળી સાથે વિશ્વાસઘાત ના આક્ષેપ સાથે ગ્રામજનો દ્વારા સાબરડેરી તથા જિલ્લા રજીસ્ટાર કચેરી ખાતે ફરિયાદ કરવામા આવી છે તો ગ્રામજનો નો આક્ષેપ છેકે જિલ્લા રજીસ્ટાર કચેરી ખાતે વારંવાર રજુઆત બાદ પણ આજ દીન સુધી ઓડીટ કરવામા આવી નથી તો

અમરાપુર દુધ મંડળીના સેક્ટરીનું શુ કહેવુ છે.

આ બાબતે સેક્ટરી ઝાલા મહોબતસિંહ નાથુસિંહ જણાવ્યુ કે મંડળી નફો ના કરી હોય મંડળી નો નફો વેચવામા આવ્યો નથી અને ભૂતિયા ખાતાઓ અંગે પુછતા તેવોએ જણાવ્યુ કે અમે એવા કોઇ ભૂતિયા ખાતા ખોલાવ્યા નથી.

છેલ્લા પાંચ વર્ષ થી મંડળી નો સ્થાનિક નફો થયેલ નથી અને મંડળી વતી ભાવ ફેર ની રકમમાં કોઈ જ રકમ દૂધ ઉત્પાદકોને ચુકવવામા આવેલ નથી જયારે છેલ્લા પાંચ વર્ષ નુ ઓડીટ કરાવવા ગ્રામજનોએ ઓડીટ બાબતે જે પણ થતી ફી હસે તે અમો ગ્રામજનો ભરવા સંમતછીએ તેવુ લેખીતમા જાણકરી હતી તો આ અંગે અગાઉ સાબરડેરી માં ફરીયાદ કરી હતી પણ સાબરડેરી સ્ટાફ પણ ચેરમેન અને સેક્રેટરી સાથે ભળી ગયા હોય અને અનેક પ્રકારની છટક બારીઓ બતાવી હાલ ભળી ગયેલ છે ના આક્ષેપો પણ થઈ રહ્યા છે ત્યારે હવે જોવુ એ રહ્યું કે જિલ્લા રજીસ્ટાર દ્વારા આ બાબતે કોઈ એક્શન લેવામા આવશે કે પછી હોતા હે ચલતાહે ની લાઈન માં રહશે એ તો હવે આવનાર દિવસોમાં જ ખબર પડશે જે હોય તે પણ સેક્રેટરી દ્વારા મંડળ માં દુધ ના ભરાવતા બોગસ ખાતા ખોલી લાખ્ખો રૂપિયા ની ઉચાપત આ ભૂતિયા ખાતા જ ગણુ બધુ કહી જાય છે.

ઈલેક્ટ્રોનિક વાદ્યો સામે લુપ્ત થયેલી સારંગી વાદન કલાને જીવંત રાખતો ભરથરી સમાજ

ગામડામાં લોકસંગીત પીરસી પેટિયું રળતા પરિવારો....

ગાંભોઈ, તા.૧૬

વિશ્વભરના પ્રત્યેક પ્રાંતને પોતીકું લોકસંગીત હોય છે. જેના થકી લોક સંસ્કૃતિ અને લોકજીવનની આગવી ઓળખ છતી થાય છે. ગુજરાતી લોક જીવનના પરંપરારિક સંગીતવાદ્યોમાં સારંગી વાદન કલા મહત્વનું સ્થાન ધરાવે છે. વર્તમાન યુગમાં આ પુરાણા સંગીત વાદ્યનું સ્થાન આધુનિક ટેકનોલોજીથી બનેલા કૃત્રિમ ઉપકરણોએ લઈ લીધું છે છતાં આજે ગુજરાતના ગ્રામ્ય વિસ્તારોમાં ભરથરી સમાજના વાદ્ય કલાપ્રેમી કલાકારોએ સારંગી વાદક કલાને જીવંત રાખી પોતાની રોજીરોટી મેળવી આજીવિકા રળી છે.

સાબરકાંઠા જિલ્લાના હિંમતનગર તાલુકાના રંગપુર અને અરવલ્લી જિલ્લાના રાજપુર બાકરોલ ગામે વર્ષોથી વસવાટ કરી રહેલા વિચરતી જાતિના ભરથરી સમાજના પરિવારો પોતાના વડીલોની પરંપરાગત સારંગી વાદનની સંગીત કલા દ્વારા સારંગી વગાડી હાલરડા, ભજનો, લોકગીતો ગાઈ ગામડે ગામડે ફરી પોતાના યજમાનો પાસેથી ભેટ- સોગાદ, વાસણ, કપડા અને લોટ મેળવી પેટીયું રળે છે. આજના કુત્રિમ ઘોઘાટીયા ઈલેક્ટ્રોનિક વાદ્યોના આક્રમણ વચ્ચે આ સારંગીના મીઠા અને સંવેદના ભર્યા સુર ભલે ખોવાઈ ગયા હોય પરંતુ આ મનોરંજનની સાથે પુરાણી કથા અને ભવાઈ સાથે સમાજ શિક્ષણનું કામ કરી પોતાની આજીવિકા માટે માથે ભગવી પાઘડી, ગળે રુદ્રાક્ષની-મોતીની માળા, ઝભ્ભો-ધોતી, કોટી અને ખપે લાંબી જોળી રાખી ગામડાના ફળિયામાં આ ભરથરી સંગીત વાદકો રામલીલા, ભવાઈ અને કથા-વાર્તાઓ સાથે જેસલ-તોરલ, રાજા ગોપીચંદ અને સંત કબીરના ભજન ગીતો લલકારતા નીકળે ત્યારે અસ્સલ જમાનો વીતી ગયાનો અહેસાસ થયા વિના રહેતો નથી. આર્થિક સ્થિતિની વિષમતામાં પસાર થઈ રહેલા ભરથરી પરિવાર સમાજની હૈયા વરાળ ઠાલવતા હિંમતનગર તાલુકાના રંગપુર ગામના ચંદુભાઈ ખોડાભાઈ ભરથરી અને ટીનાભાઈ ભરથરી પોતાની પારંપરિક સંગીત વાદ્ય કલા અંગે જણાવે છે કે ભરથરી સમાજની યુવાપેઢીમાં હવે કલાકારો ઓછા થતા જાય છે. લગ્ન વિવાહ,જન્મ અને શ્રીમંત જેવા શુભ પ્રસંગોએ સુખી યજમાન પરિવારોને ઘરે સારંગી વાદન સંગીતથી ભવાઈ, ભજન, ગીત દ્વારા રીઝવી ભેટ-સોગાદો મેળવી પોતાનું જીવન ગુજરાન કરતા હતા પરંતુ આજે સારંગી સંગીતના ચાહકોના અભાવે અને આધુનિક વાદ્યોના કારણે સારંગી વાદ્ય કલા લુપ્ત થવાના આરે ઉભી છે ત્યારે અમારી વિચરતી જ્ઞાતિ પરિવારોને આર્થિક સહયોગ રૂપે પ્રોત્સાહન આપી ગુજરાતની આ પુરાણી વાદ્ય કલાને જીવંત રાખવા વર્તમાન સરકાર સત્વરે યોગ્ય પગલાં ભરે એ જરૂરી છે.

ઈડર આર્ટસ એન્ડ કોમર્સ કોલેજમાં વિધાનસભા પૂર્વ અધ્યક્ષના હસ્તે વૃક્ષારોપણ

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૧૬

ઈડરની આર્ટસ એન્ડ કોમર્સ કોલેજમાં ગુજરાત વિધાનસભાના પૂર્વ અધ્યક્ષ અને આ વિસ્તારના વિકાસ માટે સતત પ્રયત્નશીલ પૂર્વ ધારાસભ્ય રમણલાલ વોરાના હસ્તે વૃક્ષારોપણ કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો જેમાં એન.સી.સી. કેડેટ, કોલેજ સ્ટાફ તેમજ પૂર્વ ભાજપ પ્રમુખ અશ્વિનભાઈ પટેલ, ગાંધીનગર પ્રભારી પી.સી.પટેલ વગેરે ઉપસ્થિત રહ્યા હતા. વિધાનસભાના પૂર્વ અધ્યક્ષના હસ્તે યોજાયેલા વૃક્ષારોપણ કાર્યક્રમમાં ઉપસ્થિત સૌએ રોપા વાવી વૃક્ષ ઉછેરનો સંકલ્પ લીધો હતો.

નેત્રામલીમાં ચંદનચોરોએ કટર દ્વારા ચંદનના સાત જેટલા વૃક્ષો કાપી નાખી ચોરી કરી પલાયન

આ અગાઉ પણ પંથકમાં ચંદનચોર વિરપ્રો ચોરીને અંજામ આપી ચૂક્યા છે

નેત્રામલી, તા. ૧૬

ઈડર તાલુકાના નેત્રામલી ગામના ખેત સિમાડા માં રાત્રિની વેળાએ ત્રણ જેટલા ખેડૂતો ના ખેતરમાં ચંદનચોર ત્રાટક્યા હતા અને ચોરોએ ખેતરના શેઢે આવેલા ચંદનના ઝાડની તસ્કરી કરી હતી.બેટરી યુક્ત કટર નો ઉપયોગ કરી ઝાડને કાપી ચોરી કરી તસ્કરોએ ચોરીને અંજામ આપી પલાયન થઈ ગયા હતા. ઈડર પંથકમાં અવાર નવાર ચંદનના ઝાડની તસ્કરી ના બનાવો બની રહ્યા છે ત્યારે ફરી એક વખત ચંદન ચોર ગેંગ સક્રિય થઈ હોય તેમ ઈડરના નેત્રામલી ગામના ખેત સિમાડા માં ચંદન ચોર ગેંગ ત્રાટકી હતી અને ગામના ખેત સિમાડા માં આવેલા કુંપાવત કેશરીસિંહ, પટેલ ચીમનભાઈ, તેમજ પટેલ અરવિંદભાઈના ખેતરમાં આવેલા ચંદનના ઝાડની તસ્કરોએ બેટરી યુક્ત કટર નો ઉપયોગ કરીને સાતેક જેટલા ચંદનના ઝાડ કાપી નાખ્યાં હતાં અને ઝાડની નીચેનું થક કાપી નાખીને ચોરો ચોરી કરી રાત્રિના અંધકારમાં પલાયન થઈ ગયા હતા.

પ્રાંતિજ કોલેજ પાસે એસ.ટી.બસ પાછળ બાઈક ચાલક ઘુસી ગયો

પ્રાંતિજ તા.૧૬

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ કોલેજ રોડ ઉપર એસ.ટી.બસ અને બાઈક વચ્ચે અકસ્માત સર્જાયો હતો જેમા બાઈક સવાર સહિત બાઈક પાછળ બેઠેલ યુવક નો આબાદ બચાવ થયો હતો .

પ્રાંતિજ ના કમાલપુર પાસે આવેલ કોલેજ પાસે ભાંખરીયા બસ સ્ટેશન થી મેઘરજ-ગાંધીનગર જતી એસ.ટી.બસ GJ-1822375 આગળ જઈ રહી હતી તે દરમ્યાન અમીનપુર નો બાઈક ચાલક બાઈક નંબર GJ-09-CT6673 ચાલક ગેસ ની બોટલ ભરાવવા માટે બોટલ પકડી ને એક યુવાક પાછળ બેસાડીને ગેસ ની બોટલ ભરાવવા ફુલફાસ્ટ હંકારી જઈ રહ્યો હતો તે દરમ્યાન આગળ જતી એસ.ટી.બસ પાછળ ઘુસી ગયો હતો તો અકસ્માત મા બાઈક ચાલક સહિત પાછળ બેઠેલ યુવક નો પણ આબાદ બચાવ થયો હતો તો અકસ્માતને લઈ ને રોડ ઉપર ટ્રાફિક જામ થયો હતો તો અકસ્માત થતા બસમા મુસાફરી કરી રહેલ મુસાફરોને અડધો કલાક લેટ થયા હતા.

સુનોખ ગામેથી લક્ઝુરિયસ ગાડીમાં લઈ જવાતો રૂપિયા ૧.૨૬ લાખનો વિદેશી દારૂ ઝડપાયો, આરોપી ફરાર

પોલીસે વિદેશી દારૂ તથા બીયરની પેટી નંગ-૨૨ કિં.રૂ. ૧,૨૬,૭૦૦ નો મુદામાલ તથા મોબાઇલ ફોન નંગ-૨ કી.રૂ.૬,૦૦૦ તથા ગાડી કિં? રૂ. ૩,૦૦,૦૦૦/- મળી કુલ કી.રૂ.૪,૩૨,૭૦૦ નો મુદ્દામાલ કબજે કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી

હિંમતનગર (બ્યુરો ઓફિસ) તા.૧૫ અરવલ્લી એલસીબી પોલીસે બાતમીના આધારે સુનોખથી વાગોદર તરફ જતા રોડ ઉપર વાહન ચેકિંગ દરમિયાન લક્ઝુરિયસ ગાડીમાં લઈ જવાતો રૂ. ૧.૨૬ લાખનો વિદેશી દારૂ ઝડપી પાડી શામળાજી પોલીસ મથકે પ્રોહી એક્ટ હેઠળ ગુનો રજિસ્ટર કરાવી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે જોકે ગાડીનો ચાલક અંધારાનો લાભ લઈને નાસી છૂટયો હતો. પોલીસ સૂત્રો દ્વારા પ્રાપ્ત થતી માહિતી અનુસાર અરવલ્લી એલસીબી પોલીસને બાતમી મળી હતી કે, એક સીલ્વર કલરની મારૂતિ સ્વિફ્ટ ડીઝાયર ગાડી નંબર ત્ન,૦૯ મ્ ૧૧૮૮ માં તેનો ચાલક રાજસ્થાન રાજ્યમાંથી વિદેશી દારૂ ભરી ગુજરાતમાં બોરનાલા-ગડાદરકંપા થઈ સુનોખ મુરલીધર હોટલથી સુનાખ ગામમાં થઈ આગળ જનાર છે.

ઉપરોક્ત બાતમી આધારે સુનોખથી વાગોદર તરફ જતા રોડ ઉપર વાહન ચેકિંગ દરમિયાન પ્રોહી નાકાબંધી પંચો સાથે

અસરકારક હાથ ધરવામાં આવેલ હતી દરમ્યાન બાતમીવાળી સીલ્વર કલરની મારૂતિ સ્વિફ્ટ ડીઝાયર ગાડી આવતાં તેના ચાલકે નાકાબંધી જોઇ દુરથી પોતાની ગાડીવાળી પરત સુનોખ મુરલીધર હોટલ તરફ જતા રોડ ઉપર ભગાડેલ જેનો પીછો કરતાં થોડેક દુર જઈ રોડ સાઈડમાં આવેલ પત્થર સાથે અથડાઈ જતાં સદર ગાડીનો ચાલક ગાડી ત્યાંજ મુકી દઇ અંધારાનો લાભ લઈ ઝાડી ઝાંખરામાં નાસી ગયો હતો. દરમિયાન સ્વીફ્ટ કારની તપાસ હાથ ધરતા કારની વચ્ચેની શીટ ઉપર તેમજ પગ મુકવાની જગ્યાએ તેમજ ડીકીમાં જુદી જુદી બ્રાન્ડની વિદેશી દારૂ તથા બીયરની આખી પેટી નંગ -૨૨ તથા છુટી બોટલો ટીન મળી કુલ બોટલો ટીન નંગ-૭૭૯ કિં.રૂ. ૧,૨૬,૭૦૦ નો મુદામાલ તથા મોબાઈલ ફોન નંગ-૨ કી.રૂ.૬,૦૦૦ તથા વિદેશી દારૂની હેરાફેરીમાં વપરાયેલ મારૂતી સ્વિફ્ટ ડીઝાયર ગાડી કિંરૂ. ૩,૦૦,૦૦૦/- મળી કુલ કી.રૂ.૪,૩૨,૭૦૦ નો મુદ્દામાલ કબજે કરી શામળાજી પોલીસ મથકે પ્રોહી એક્ટ હેઠળ ગુનો રજિસ્ટર કરાવી ફરાર આરોપીને ઝડપી પાડવા તપાસના ચક્રો ગતિમાન કર્યા છે.

જન્મદિને વધામણી

અતુલભાઈ વી. જોષી
(લાયન્સ ડીસ્ટ્રીક્ટ એડીશનલ કેબિનેટ ટ્રેઝરર)
(સ્વામિનારાયણ સોસા., વિભાગ-૨)
બાયડ, જિ.અરવલ્લી

ભરતભાઈ કે. પંચાલ
(પૂર્વ પ્રમુખ : લાયન્સ કલબ-બાયડ)
(અંબિકાનગર સોસાયટી)
બાયડ, જિ.અરવલ્લી

ડા.હરેશભાઈ એસ. પટેલ
અમદાવાદ(આકરૂન્દ)

વિક્રમ ગોસ્વામી
આકરૂન્દ, તા.ધનસુરા

સુધનભાઈ પટેલ
(હરિપાર્ક સોસાયટી)
બાયડ, જિ.અરવલ્લી

હિતેષભાઈ પટેલ
જીતપુર, તા.બાયડ

વ્રજ ચેતનભાઈ શાહ
(કોર્ટીયર્ડ સોસાયટી)
બાયડ (ડેમાઈ)

નટવરસિંહ ઝાલા
(સ્વામિનારાયણ સોસાયટી)
બાયડ, જિ.અરવલ્લી

ઋષિકેશ રાવલ
સાઠંબા, તા.બાયડ

કલ્યાણી મિલનકુમાર પટેલ
(વ્રજભૂમિ સોસાયટી)
બાયડ, જિ.અરવલ્લી